ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૭ ટકા ● સાંજે ૨૧ ટકા
ગાંધીનગર તાપમાન

ક-૫ પાસેથી ૨૮ લાખ લઈ છુમંતર થનાર ૯ ઝડપાયા

૩ એસઆરપી જવાન, સીઆઈડી ક્રાઈમના ડ્રાઈવર સહિત ૧૧ શખ્સોની સંડોવણી સામે આવી, વિવિધ ટીમો બનાવી પોલીસે ગણતરીના કલાલોમાં ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર ભાટ સર્કલ પાસે વડાપાઉંની દુકાન વિપુલ પટેલ ધરાવે છે. તેઓ પોતાના ભાગીદાર સાથે રૂ.૨૮ લાખ લઈ ગાંધીનગર ક-૫ સર્કલ પાસે આવ્યા હતા. જયાં પોલીસ ચેકીંગના નામે તેમના રૂ.૨૮ લાખ લઈ જીપમાં શખ્સો ફરાર થઈ ગયા હતા. જેને પગલે સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે ગણતરીના કલાકમાં આ ગુનામાં સંડાવાયેલા ૧૧ આરોપી પૈકી ૯ આરોપીઓને પકડી પાડયા છે. જેમાં ૩ આરોપીઓ એસઆરપી ગ્રુપમાં ફરજ બજાવે છે.જયારે સીઆઈડી ક્રાઈમની ગાડી ચલાવતો આઉટસોર્સિંગનો ડ્રાઈવરની પણ ગુનામાં અટકાયત કરાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઘટનાની ગંભીરતાને પગલે જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ સીધી સુચનાને પગલે પોલીસ વિવિધ ટીમો બનાવી કામે લાગી હતી. જેથી પોલીસે ગાડીના અધુરા નંબર, સીસીટીવી ફુટેજ, હ્યુમન રિસોર્સીસ, ના આધારે તપાસનો ધમધમાટ ચલાવ્યો હતો. જેમાં લુંટમાં ઉપયોગમાં લેવાયેલી ગાડી પોલીસ ખાતાની જ હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે જી.જી.૧૮.જી.૫૪ નંબરને આધારે તપાસ કરી હતી. જેથી ગાડીનો આખો નંબર જી.જે.૧૮.જી.૫૪૩૧ હોવાનું સામે આવ્યું હતું. જેને પગલે પોલીસે ગાડીના ડ્રાઈવર અને વાસણીયા મહાદેવના વતની કુમારસિંહ રણજીતસિંહ વાઘેલાને પકડી પાડયા હતા. પોલીસે તેઓની ઉંડાણપૂર્વક પુછતાછ કરતા લુંટની કબુલાત કરી દીધી હતી. જેને અનુલક્ષી પોલીસે આ ગુનામાં સંડાવાયેલા એસઆરપી ગ્રુપના જવાનો અને સીઆઈડી ક્રાઈમમાં મુકાયેલા કુંદનસિંહ લક્ષ્મણસિંહ સોલંકી, જીલુભાઈ ભોજાભાઈ કડ, જયેશકુમાર સિંગરાજ સડજાતને પકડી પાડયા હતા. આ ઉપરાંત વેપારીને ૩૦ ટકા લાલચ આપનાર મિત્ર જતીન માધવલાલ પટેલ, તેમજ લુંટ અને કાવતરામાં સામે સંદિપ ઉર્ફે સેન્ડી મહંત, કલ્પેશ ટુંડીયા, દિનેશ મેસરીયાને પોલીસે પકડી પાડી તેમની પાસેથી રૂ.૧૨.૫૩ લાખ મળી આવ્યા હતા. જયારે બે આરોપીઓ ફરાર છે. સોનું એ જ વેપારીને ટ્રસ્ટની નાની નોટો સામે મોટી નોટો આપવા બદલ ૩૦ ટકા કમિશનની લાલચ આપી હતી.બે આરોપીઓને ટ્રસ્ટના કાર્યકર્તા બનાવીને વેપારીને મળાવ્યા હતા. સોનું એક માસથી લુંટનો પ્લાન બનાવતો હતો. પકડાયેલા આરોપીઓના બે દિવસના પોલીસ રીમાન્ડ મંજુર થયા છે. ત્યારે સમગ્ર કેસની વધુ તપાસ સેકટર-૨૧ પીઆઈ એમ.બી ભરવાડ ચલાવી રહ્યા છે.

વોન્ટેડ આરોપીઓ પોલીસ પકડથી દુર

આ કાવતરૂ રચનાર મુખ્ય સુત્રધાર તેવો સોનુ ઉર્ફે સ્મિત હરેશભાઈ પટેલ તેમજ હિતેશ ઉર્ફે લાલો લુંટમાં ગયેલી અન્ય રકમ સાથે હાલ વોન્ટેડ છે. આ આરોપીઓને પકડવા માટે જિલ્લા પોલીસની વિવિધ ટીમો સક્રિય છે. આ ગુનાની વધુ તપાસ સેકટર-૨૧ પીઆઈ એમ.બી.ભરવાડ ચલાવી રહ્યા છે.

૯ આરોપીઓ પૈકી ૩ એસઆરપી ગ્રુપ-૧૨ ના જવાન

ક-૫ પાસેથી જીપમાં રૂ.૨૮ લાખ લઈ ભાગી ગયેલા આરોપીમાં એસઆરપી ગ્રુપ ૧૨ માં ફરજ બજાવતા કુંદન લક્ષ્મણસિંહ સોલંકી, જીલુભાઈ ભોજાભાઈ કડ અને જયેશ સિંગરાજ સડાત નો સમાવેશ થાય છે. જયારે કુમારસિંહ રણજીતસિંહ વાઘેલા સીઆઈડી ક્રાઈમમાં આઉટસોર્સિંગથી ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે.

ઝડપાયેલ આરોપીઓ તેમજ રીકવર કરેલા રોકડા રૂપીયા

- કુમારસિંહ રણજીતસિંહ વાઘેલા	- રૂ.૪૨,૦૦૦
- કુંદનસિંહ લક્ષ્મણસિંહ સોલંકી	
- જીલુભાઈ ભોજાભાઈ કડ	- રૂ.૩,૬૩,૦૦૦
- જયેશકુમાર સિંગરાજ સડાત	- રૂ.૩,૬૩,૦૦૦
- સંદિપ ઉર્ફે સેન્ડી મહંત	- રૂ. ૯૦,૦૦૦
- અફઝલ ઉર્ફે ગુરૂ	- રૂ.૧,૫૦,૦૦૦
- કલ્પેશ ટુંડીયા (પ્રજાપતિ)	- રૂ.૧,૫૦,૦૦૦
- દિનેશ મેસરીયા ઉર્ફે ડી.ડી.	- રૂ.૯૫,૫૦૦
- જતીનકુમાર માધવલાલ પટેલ	

પોલીસને આરોપીઓ પાસેથી કુલ રૂ,૧૨,૫૩,૫૦૦ મુદ્દામાલ તરીકે રીકવર કર્યા છે.

રૂ.૨૮ લાખનો ભેદ ઉકેલવા માટે જી.જે.૧૮.જી.-૫૪ નંબરવાળી તમામ ગાડીઓની તપાસ કરી

આ ગુના અંગે ગાંધીનગર ડીવીઝનના ડીવાયએસપી એમ.કે.રાણા ના સીધા માર્ગદર્શન હેઠળ પોલીસની વિવિધ ટીમો બનાવી કાર્યરત કરી દેવાઈ હતી. જે તમામ ટીમોએ સંયુકત રીતે ફરીયાદીએ જણાવેલ અધુરા નંબર તેમજ સીસીટીવી ફુટેજ અને હ્યુમન રીસોર્સિસ તેમજ ગ્રાઉન્ડ સર્વેલન્સ મારફતે તપાસ કરતા જી.જે.૧૮.જી.-૫૪ નંબરવાળી ગાડીના છેલ્લા આંકડાના ભીનીમાટીથી ઢાંકી દેવામાં આવ્યા હોવાનું ધ્યાને આવ્યું હતું. જેથી સ્ટેટ એમ.ટી.વિભાગમાંથી ઉપરોકત નંબરવાળી તમામ ગાડીઓની ખરાઈ કરતા તેનો સાચો નંબર જી.જે.૧૮.જી.-૫૪૩૧ હોવાનું સામે આવ્યું છે.

જન્મદિને વધામણી

અર્થ વૈષ્ણવ

નિધિ ભંડારી
લાયન્સ કલબ ઓફ ફેમીના, ગાંધીનગર

રોનક દત્ત

યથાર્થ જોશી

વાવોલ-કોલવડા વિસ્તારના કોવિડ દર્દીઓ માટે કમલાપૂંજ ચેરીટેબલ ટ્રસ્ટની નિઃશુલ્ક ટીફિન સેવા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરમાં કોરોના મહામારીનો કાળો કેર વર્તાઈ રહ્યો છે અને ઘરે ઘરે કોરોના પોઝિટીવ દર્દીઓ જોવા મળી રહ્યાં છે. કેટલાંક કેસમાં તો આખેઆખા પરિવાર કોરોનાગ્રસ્ત થયાં હોવાનું પણ જોવા મળી રહ્યું છે. આ સંજોગોમાં શહેરની સેવાભાવી સંસ્થાઓએ ફરી ભોજનસેવા સહિતની મદદ પુરી પાડવા કમર કસી છે. શહેરના વાવોલ ખાતેથી કાર્યરત સેવાભાવી સંસ્થા શ્રી કમલાપૂંજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વાવોલ-કોલવડા વિસ્તાર માટે જે પરિવારો કોવિડ-૧૯ના કારણે હોમ ક્વોરોન્ટાઈન હોય અને જમવાનુ બનાવી શકે તેવી પરિસ્થિતિમાં ના હોય તેવા દર્દીઓ તથા તેમના સ્વજનો માટે નિઃશુલ્ક ટીફિન સેવાનો પ્રારંભ કર્યો છે.

શ્રી કમલાપૂંજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વાવોલ-કોલવડા વિસ્તાર માટે શરૂ કરેલી કોવિડના દર્દીઓ તથા પરિવારો માટે વિના મૂલ્યે ટીફિન ભોજન સેવાનો લાભ લેવા માંગતા દર્દીઓએ વ્હોટસએપ પર કોરોના રિપોર્ટ મોકલી નામ નોંધાવવા સાથે બપોરના ટીફિન માટે સવારે ૮ થી ૯ કલાક દરમ્યાન અને સાંજના ટીફિન માટે ૪ થી ૫ કલાક દરમ્યાન ફોન કરી નામ નોંધાવવા જણાવ્યું છે. નામ નોંધાવવા માટે ૯૯૭૪૭-૯૯૭૧૮, ૯૮૯૮૧-૯૫૩૧૧, ૯૮૭૯૫-૪૦૧૧૩, ૮૧૨૮૧-૭૧૦૮૧ અથવા ૮૧૪૧૮-૫૩૫૩૫ પર સંપર્ક સાધવા સંસ્થા ટ્રસ્ટી અંબુસિંહ ગોલ અને પ્રેમલસિંહ ગોલે જણાવ્યું છે.

સેક્ટર-૨૯ ખાતે કોર્પોરેટર રોશનબેન પરમાર દ્વારા ૫૦૦ દવાની કીટ વિતરણ કરાઈ

કોરોનાની વૈશ્વિક મહામારીમાં નાગરીકોને ઉપયોગી નીવડે તેવી ૫૦૦ દવાની કીટ સેક્ટર-૨૯ ખાતે રહેતા વસાહતી ભાઈ-બહેનોને ઘરે જઈ કોંગ્રેસના કોર્પોરેટર રોશનબેન યુસુફભાઈ પરમાર દ્વારા આપવામાં આવી હતી. આ કીટમાં માસ્ક, હેન્ડ સેનેટાઈઝર, થર્મોમીટર, વીટામીન-સી, વીટામીન-ડી, મલ્ટી વિટામીન, કફસિસ સહિત તાવને લગતી જરૂરી દવાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ કીટ કોરોના સમયે સામાન્ય નાગરીકને ખુબ ઉપયોગી નીવડે તે રીતે તૈયાર કરાઈ છે.

સે-૧૨માં પંદરેક દિવસથી ગટર ઉભરાવવાની સમસ્યા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના સેક્ટર-૧૨ માં છેલ્લાં પંદરેક દિવસથી ગટર ઉભરાવવાની સમસ્યા સર્જાઈ હોવાનું એક સ્થાનિક રહીશે જણાવ્યું છે. તેમના જણાવ્યાં અનુસાર આ સમસ્યા અને સ્થાનિક સુવિધા કચેરીમાં ફરિયાદ કરવા છતાં કોઈ નિકાલ આવતો નથી અને કામ કરવા માણસો ઉપલબ્ધ નથી તેવો જવાબ મળી રહ્યો છે પરંતુ ગટર ઉભરાવવાને કારણે અસહ્ય ગંદકી તથા દુર્ગંધ પ્રસરી રહી હોવાની સમસ્યા વકરી રહી હોવાથી કામચલાઉ ધોરણે પણ આ ગટરનું સત્વરે રીપેરીંગ થાય તે જરૂરી બન્યું છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. દંતાણી જશુભાઈ ગિરધરભાઈ,** ઉ.વ. ૫૭, હાલીસા, દહેગામ
- **સ્વ. રબારી મોહનભાઈ માલજીભાઈ,** ઉ.વ. ૫૫, અમદાવાદ
- **સ્વ. ઠાકોર ડાહીબેન જેઠાભાઈ,** ઉ.વ. ૭૦, રાયસણ, છાપરાં
- **સ્વ. પરમાર શિવાભાઈ કરશનભાઈ,** ઉ.વ. ૭૮, સેક્ટર-૨૪
- **સ્વ. શાહ યોગેશકુમાર ડાહ્યાલાલ,** ઉ.વ. ૪૬, દહેગામ
- **સ્વ. દેસાઈ બબાભાઈ સરતાનભાઈ,** ઉ.વ. ૬૯, બોરીજ
- **સ્વ. જૈન કમળાબેન પ્રકાશચંદ્ર,** ઉ.વ. ૭૩, પેથાપુર
- **સ્વ. પટેલ ગોવિંદભાઈ હીરાભાઈ,** ઉ.વ. ૬૧, દેલવાડ, માણસા
- **સ્વ. મોદી સુભદ્રાબેન ભગવાનદાસ,** ઉ.વ. ૭૮, જામળા
- **સ્વ. ભટ્ટ પંકજભાઈ સંતોકભાઈ,** ઉ.વ. ૬૮, ઘાટલોડીયા, અમદાવાદ
- **સ્વ. પારેખ જ્યંતિભાઈ બબાભાઈ,** ઉ.વ. ૭૫, સેક્ટર-૧૩
- **સ્વ. દવે શ્વેતાબેન સુનિલભાઈ,** ઉ.વ. , સેક્ટર-૨૯
- **સ્વ. રાજપૂત અનિલકુમાર સરતાનસિંહ,** ઉ.વ. ૫૮, કલોલ
- **સ્વ. ગુર્જર સરોજબેન જગદીશભાઈ,** ઉ.વ. ૪૨, હાલીસા, દહેગામ
- **સ્વ. પટેલ જમનાબેન કુંવરભાઈ,** ઉ.વ. ૮૩, સેક્ટર-૨૨
- **સ્વ. શ્રીમાળી રવિશંકર અજરામદાસ,** ઉ.વ. ૫૭, સેક્ટર-૧૩
- **સ્વ. રાવલ જગદીશભાઈ કેશવલાલ,** ઉ.વ. ૫૭, ધણીયોલ, દહેગામ
- **સ્વ. પિલ્લાઈ કે.પી. સુકુમારન,** ઉ.વ. ૭૭, સેક્ટર-૬
- **સ્વ. બિહોલા પંકજસિંહ કાનાજી,** ઉ.વ. ૪૨, પાલજ
- **સ્વ. પાઠક મુકુન્દભાઈ ધીરજલાલ,** ઉ.વ. ૫૮, સેક્ટર-૮
- **સ્વ. મિસ્ત્રી વાસુદેવ ગાંડાલાલ,** ઉ.વ. ૫૮, ચાંદખેડા, અમદાવાદ
- **સ્વ. ત્રિવેદી માલતીબેન મુકેશભાઈ,** ઉ.વ. ૬૭, સેક્ટર-૨
- **સ્વ. રબારી ચેહોરભાઈ મફતભાઈ,** ઉ.વ. ૩૮, પીડારડા
- **સ્વ. પ્રજાપતિ કમળાબેન ગાંડાલાલ,** ઉ.વ. ૬૬, માણસા
- **સ્વ. અરવિંદભાઈ પરસોત્તમદાસ,** ઉ.વ. ૬૬, માંડલ, અમદાવાદ
- **સ્વ. પાસવાન જયકરણ દેસાઈ પ્રસાદ,** ઉ.વ. ૪૫, સરગાસણ
- **સ્વ. વાઘેલા કનુસિંહ લક્ષ્મણસિંહ,** ઉ.વ. ૬૫, સેક્ટર-૨૬
- **સ્વ. જાની કૈલાસબેન ગૌરીશંકર,** ઉ.વ. ૬૭, કોલવડા
- **સ્વ. ઠાકોર સીતાબેન બળદેવજી,** ઉ.વ. ૫૬, તારાપુર
- **સ્વ. મોદી હસમુખ મણીલાલ,** ઉ.વ. ૭૫, સેક્ટર-૨૯
- **સ્વ. ગામીત સુમિત્રાબેન જ્યંતિભાઈ,** ઉ.વ. ૫૨, સેક્ટર-૨૮
- **સ્વ. પટેલ નટવરભાઈ રણછોડભાઈ,** ઉ.વ. ૫૩, કુડાસણ
- **સ્વ. ચાવડા શાંતાબેન મહેન્દ્રસિંહ,** ઉ.વ. ૬૦, રંગપુર, માણસા
- **સ્વ. ચાવડા અશોકસિંહ તખુજી,** ઉ.વ. ૪૬, અસારવા, અમદાવાદ
- **સ્વ. ઠાકોર સંજયજી તખાજી,** ઉ.વ. ૩૭, શિહોલી મોટી
- **સ્વ. વાઘેલા શ્વેતા કિરીટસિંહ,** ઉ.વ. ૨૯, સેક્ટર-૪
- **સ્વ. પાઠક અશ્વિનકુમાર કુબેરદાસ,** ઉ.વ. ૬૮, રિદ્રોલ, માણસા
- **સ્વ. જોષી સીતારામ ભોજરામ,** ઉ.વ. ૭૯, દેલવાડ, અંબોડ
- **સ્વ. ચૌહાણ રવિન્દ્રભાઈ બબાભાઈ,** ઉ.વ. ૬૯, કોલવડા
- **સ્વ. પટેલ નટવરભાઈ સોમાભાઈ,** ઉ.વ. ૪૮, સેક્ટર-૩
- **સ્વ. પટેલ ઈલાબેન નિલેશકુમાર,** ઉ.વ. ૪૫, ખોરજ
- **સ્વ. રાવ પિંકીબેન જીતેન્દ્રભાઈ,** ઉ.વ. ૪૭, સેક્ટર-૨૫
- **સ્વ. ચાવડા પ્રવિણસિંહ વરસંગજી,** ઉ.વ. ૪૨, સેક્ટર-૨૮
- **સ્વ. પરમાર નારણભાઈ અરજણભાઈ,** ઉ.વ. ૬૧, સેક્ટર-૨
- **સ્વ. પ્રજાપતિ મિતેષ ઘનશ્યામભાઈ,** ઉ.વ. ૩૫, સાબરમતી, અમદાવાદ
- **સ્વ. પવાર લિલાબેન સુમેરસિંહ,** ઉ.વ. ૭૨, સેક્ટર-૩
- **સ્વ. કનોજીયા વિયતીબેન હરીરાય,** ઉ.વ. ૬૫, સેક્ટર-૨૮
- **સ્વ. પ્રજાપતિ ભગવતીબેન રમેશભાઈ,** ઉ.વ. ૪૪, ગાંધીનગર
- **સ્વ. પ્રજાપતિ જેઠીબેન માધવલાલ,** ઉ.વ. ૯૫, સેક્ટર-૩
- **સ્વ. પરમાર ભાનુભાઈ,** ઉ.વ. ૬૦, કુડાસણ
- **સ્વ. શાહ કનુભાઈ શિવલાલ,** ઉ.વ. ૭૫, સેક્ટર-૨૧
- **સ્વ. પ્રજાપતિ પ્રેમજીભાઈ રણછોડભાઈ,** ઉ.વ. ૭૧, સેક્ટર-૨૩
- **સ્વ. પટેલ સુરેશભાઈ રામદાસ,** ઉ.વ. ૪૮, રામનગર, કલોલ
- **સ્વ. સુથાર ગફુરભાઈ નાગરદાસ,** ઉ.વ. ૫૯, સેક્ટર-૫
- **સ્વ. પારેખ રમેશચંદ્ર શાંતીલાલ,** ઉ.વ. ૭૪, પેથાપુર
- **સ્વ. ચાવડા રણજીતસિંહ અન્દુસિંહ,** ઉ.વ. ૬૩, સેક્ટર-૨

●રૂદ્રભૂમિ ●

- **સ્વ. માંડલીયા જસવંતીબેન નરોત્તમભાઈ,** ઉ.વ. ૭૫, વાવોલ
- **સ્વ. શિહોરા બચુભાઈ માવજીભાઈ,** ઉ.વ. ૭૮, સેક્ટર-૪
- **સ્વ. દાતણીયા રોહિતભાઈ રતિલાલ,** ઉ.વ. ૬૫, સેક્ટર-૪
- **સ્વ. સોજીત્રા વિજ્યાબેન ભાણજીભાઈ,** ઉ.વ. ૮૪, કુડાસણ
- **સ્વ. ડાભી ચુવરાજસિંહ અરૂણસિંહ,** ઉ.વ. ૨૮, સેક્ટર-૨૩
- **સ્વ. રાણા સુરેન્દ્રસિંહ તખુજી,** ઉ.વ. ૫૭, સરગાસણ
- **સ્વ. બારીયા શાન્તાબેન જ્યંતિભાઈ,** ઉ.વ. ૬૦, વાવોલ

સરકાર પારદર્શક જવાબદારી નિભાવે અને નાગરિકો કોવિડ મેનર્સને ગંભીરતાથી અપનાવે

ગાંધીનગર, તા. ૧૮

દેશભરમાં કોરોના સંક્રમણની બીજી લહેરે ખૂબજ ચિંતાજનક સ્થિતિ પેદા કરી છે. સવા વર્ષના કોરોના કાળ પછી પણ આજે દેશમાં દૈનિક કોવિડ પોઝિટીવ કેસની સંખ્યા ૨.૩૩ લાખથી વધુ પહોંચી જવા પામી છે. યુનિવર્સિટી ઓફ વોશિંગ્ટનના ડૉ. લક્ષ્મીનારાયણના કહેવા મુજબ તો ભારતમાં દૈનિક કેસની વાસ્તવિક સંખ્યા ૨૦ થી ૩૦ લાખની હશે. કેમ કે ટેસ્ટીંગનું પ્રમાણ હજુ પણ હોવું જોઈએ તેના કરતા ઓછુ છે. જો કે આ પરિસ્થિતિમાં ખુદ વડાપ્રધાને પણ દેશમાં ૩-ટી ફોર્મ્યુલા એટલે કે ટેસ્ટ, ટ્રેસ એન્ડ ટ્રીટ અપનાવવા પર ભાર મૂક્યો છે પરંતુ જે રીતે અને જે સંખ્યામાં કેસોનો ઉછાળો આવ્યો છે તેમાં આખેઆખી હેલ્થ સીસ્ટમ જ ડામાડોળ ભાસી રહી છે. સંક્રમણની આ વ્યાપકતા સામે કેન્દ્રિય આરોગ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધને દેશમાં રસીકરણની સરેરાશ દૈનિક ૪૩ લાખથી વધુ પહોંચી હોવાની અને કોવિડ મૃત્યુદર ઘટીને ૧.૨ ટકા થયો હોવાની જાણકારી આપી ચુક્યાં છે. મહામારી જ્યારે ખરેખર તેના અત્યંત જોખમી તબક્કામાં પહોંચી છે ત્યારે આ સમયે સરકારની જવાબદારી અને પારદર્શિતા ખૂબ મહત્વની બને છે પરંતુ તે સાથે સાથે નાગરિકોએ પણ હવે ''કોરોના મેનર્સ'' પ્રત્યે હળવાશ છોડી તેનું ગંભીરતાથી પાલન કરવા સાથે સંયમ જાળવવો જરૂરી બન્યો છે તેમજ જે દર્દીઓ કોરોના પોઝિટીવ થઈ રહ્યાં છે તેમણે સમયસર દવા-સારવાર મેળવવા સાથે હિંમત અને હકારાત્મક અભિગમ રાખવો અત્યંત આવશ્યક બની રહ્યું છે.

કોરોના સંક્રમણની સ્થિતિ ગંભીર છે પરંતુ હજુ પણ નિયંત્રિત થઈ શકે તેમ છે : સરકારે સારવાર અને રસીકરણ બંને ક્ષેત્રે વ્યાપક જવાબદારી નિભાવવાની છે તે સાથે નાગરિકોએ પણ હિંમત સાથે હકારાત્મક અભિગમ દાખવવો પડશે

અત્યારે ચોતરફ કોરોના પોઝિટીવ દર્દીઓની સારવાર માટે

લાગ્યું એવું લખ્યું
સમીર રામી

હોસ્પિટલમાં બેડ તથા ઓક્સિજન માટે વેન્ટીલેટરની સુવિધા, રેડમેસિવિર કે ટોસીલીઝુમેબ જેવા ઈન્જેક્શન વગેરે મેળવવા વલખાંના સમાચાર સાંભળવા મળી રહ્યાં છે, સરકારી આંકડા અને વાસ્તવિકતા વચ્ચે તાલમેલનો અભાવ, દવાઓ-ઈન્જકેશન-ઓક્સિજનના બાટલાંના કાળાબજારની ફરિયાદો ઉઠઈ રહી છે. લેબોરેટરીમાં ટેસ્ટ માટે, હોસ્પિટલમાં સારવાર માટે, મેડિકલ સ્ટોર્સ પર દવા માટે અને સ્મશાનમાં અંતિમ ક્રિયા માટે લાંબી લચક લાઈનો લાગી રહી છે અને તેમ છતાં સરકારની હિંમત નથી થઈ રહી કે લોકડાઉન જાહેર કરી શકે કેમ કે અગાઉ લાગુ કરેલા લોકડાઉનને કારણે અર્થતંત્ર પર ઘેરી અસર પડી ચુકી છે અને મધ્યમ તથા છેવાડાનાં માનવીના રોજગાર-ધંધા છીનવાઈ જવાથી ગરીબીમાં વધારો થઈ રહ્યો છે. પ્યુ રીચર્સ સેન્ટરના રિપોર્ટ મુજબ કોરોનાને કારણે ભારતમાં ૭.૫ કરોડ ગરીબો વધ્યાં છે. જેઓ રોજના રૂ. ૨૦૦ કમાય છે તેવા નાગરિકોની સંખ્યા ૫.૯૦ કરોડથી વધીને ૧૩.૪૦ કરોડ એટલે કે બમણાંથી વધુ થઈ જવા પામી છે કેમ કે હવે ગ્રામીણ વિસ્તારોમાં પણ અસર ઘેરી બની છે. આરોગ્ય મંત્રાલયનો રિપોર્ટ કહે છે કે વિશ્વમાં દર છઠ્ઠો કોવિડ દર્દી ભારતીય છે અને દૈનિક કેસોમાં ૨૫ ટકાથી વધુ કેસો માત્ર ભારતના જ છે. કોરોનાની બીજી લહેરની ઘાતકતા તો એટલી છે કે લખનૌમાં એક સાથે ૪૦ થી વધુ ચિતાઓ સળગતી જોવા મળી રહી છે અને આ પ્રકારની સ્થિતિ વત્તે ઓછે અંશે દેશના અન્ય શહેરોની પણ છે. છેલ્લાં દસેક દિવસથી એકલાં ગાંધીનગરમાં સ્મશાનના આંકડા મુજબ સરેરાશ ૨૦ થી વધુ કોવિડ પોઝિટીવ મૃતકોની અંતિમ ક્રિયા કરાઈ રહી છે. હવે એવું લાગી રહ્યું છે કે ભારત કોરોનાનું ગ્રાઉન્ડ ઝીરો બની રહ્યું છે અને લેન્સેટજર્નના રિપોર્ટ મુજબ જૂનમાં દૈનિક મૃત્યુઆંક ૨૫૦૦ સુધી પહોંચી શકે છે જેમાં નાના શહેરોનો ફાળો વધુ હશે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ સ્વીકારી લીધું કે કોરોના વાયરસ હવામાં પણ પ્રસરે છે ત્યારે ડૉ. નિરજ કૌશિક જણાવે છે કે કોવિડનું નવુ મ્યુટેડેટ સ્ટ્રેઈન ભયજનક છે જે પરિવારમાં એકને થાય તો બધાને લપેટમાં લઈ લે છે અને આ બીજી લહેર ૧૦૦ દિવસ સુધી ચાલી શકે છે, જ્યારે રસીકરણ ૭૦ ટકા સુધી પહોંચશે ત્યારે હર્ડ ઈમ્યુનિટી આવશે. અન્ય એક અભ્યાસમાં જણાયું છે કે આ ન્યુટન યુવાઓને વધુ અસર કરી રહ્યુ છે, મુંબઈમાં તા. ૧ થી ૧૧ એપ્રિલ દરમ્યાન જેટલાં કોવિડ ડેથ થયાં તેમાં ૧૦ ટકા મૃત્યુ ૪૫ થી ઓછી વયના દર્દીઓના હતા. યુનિવર્સિટી ઓફ મિશીગનના ડૉ. બી. મુખર્જીએ તો દેશમાં દૈનિક કેસનો આંકડો પાંચ લાખ સુધી પહોંચી શકે છે તેવી આગાહી કરી છે પરંતુ તે સાથે તેમણે જણાવ્યું છે કે પછી કેસોમાં તીવ્ર ઘટાડો આવશે.



આ વિગતો જોઈએ તો કોરોના સંક્રમણ હવે કાબુ બહાર જતું રહ્યું હોય તેવું જણાય પરંતુ હજુ પણ સ્થિતિ આપણે નિયંત્રિત કરી શકીએ તેવી છે. ઈઝરાઈલમાં ૬૧ ટકા રસીકરણથી હર્ડ ઈમ્યુનિટી ડેવલપ થઈ અને કોરોના મુક્ત થનાર પ્રથમ દેશ બન્યો હોવાનું તેના આરોગ્ય મંત્રી થુલી એડલ્ટી સ્ટીને જણાવ્યું છે. ભારતમાં રસીકરણ પ્રસંશનીય રીતે શરૂ થયું હતુ પરંતુ પહેલા આપણે વેક્સિન પર શંકા કરી પછી તેની આડઅસરો તપાસવા ઉભા રહ્યાં અને હવે જ્યારે ચોતરફ કેસોની સંખ્યા વધી પડી એટલે બધા એક સાથે રસી લેવા દોડ્યા જેના કારણે થોડીક મુશ્કેલી સર્જાઈ. જો કે સરકારે રસીકરણ સીસ્ટમ થાળે પાડવા સાથે વ્યાપક બનાવવા ગંભીરતાથી પગલાં લીધા છે કેમ કે સરકારને પણ હવે રસીકરણમાં જ આ સમસ્યાનું સમાધાન દેખાઈ રહ્યું છે અને તે સાચું પણ છે. આ સમયે દરેક રાજ્ય સરકારે રસીકરણ પર તો પુરતુ ધ્યાન આપવું જ રહ્યું પરંતુ તે સાથે ૩-ટી એટલે કે ટેસ્ટ-ટ્રેસ-ટ્રીટમાં પણ જવાબદારીપૂર્વકની પ્રમાણિકતા સાથે પારદર્શિતા દાખવવી પડશે તો જ ફરીથી નાગરિકોનો વિશ્વાસ જીતી શકાશે અને આગામી ભયાનક સ્થિતને હળવી કરી શકાશે.

જો કે, જ્યારે પણ કોઈ ભયાનક આપત્તી આવે કે મહામારીની સ્થિતિ સર્જાય ત્યારે સરકારી તંત્રની જવાબદારીપૂર્વકની ફરજ સાથે નાગરિકોના જવાબદારીપૂર્ણ અભિગમ પણ અત્યંત મહત્વનો બની રહે છે અને કોરોના વાયરસ સંક્રમણની આ મહામારીમાં બીજો શું અભિગમ હોઈ શકે ''કોવિડ મેનર્સ''ના પાલન સિવાય ? કોવિડ મેનર્સ એટલે બીજું કઈ નહી પરંતુ ફરજિયાત માસ્ક પહેરવું, હાથ મિલાવવાનું કે ગળે લગાડવાનું ટાળવુ, સોશ્યલ ડિસ્ટન્સ જાળવવું, વારંવાર હાથ અને શરીરને સ્વચ્છ રાખવું, અત્યંત જરૂરી ના હોય ત્યાં સુધી બહાર ના નીકળવુ, ટોળે વળવુ નહી, રોગ પ્રતિકારક શક્તિ વધારવા પર ધ્યાન આપવા સાથે અન્યની હિંમત વધારવી તેમજ હકારાત્મક આત્મવિશ્વાસ જાળવી રાખવો, બસ.

પ્રતિભાવો આવકાર્ય
Samirtalod@gmail.com